શ્રી જનાર્દન ગ્રંથમાળા, પુષ્પ ૧ લું.

ગજેન્દ્રમોક્ષ. (સ્તોત્ર)

રચનાર: મણિશંકર સોમનાથ ભટ્ટ



નારાચ છંદ.

[illegible] નાથ [illegible] ભાવના સદા,
[illegible] ગુણી [illegible]
[illegible] આગ્રહથી,
[illegible]

પ્રકાશક,—વૈદ્ય [illegible]પ્રસાદ મ. [illegible]શંકર.
જનાર્દન ગ્રંથાલય. [illegible]—અમદાવાદ.
[illegible] સને ૧૯૨૯.
અમદાવાદ [illegible] પ્રી. પ્રેસમાં [illegible] રાયચંદ હીરાચંદે છાપ્યું



स्वकर्मफलनिर्दिष्टां यां यां योनिं व्रजाम्यहम् ।
तस्यां तस्यां हृषीकेश त्वयि भक्तिर्दृढास्तु मे ॥

विपरीतेषु कालेषु परिक्षीणेषु बन्धुषु ।
त्राहि मां कृपया कृष्ण शरणागतवत्सल ॥

पाण्डवगीता.

શ્રી જનાર્દન સ્તોત્રમાળા, પુષ્પ ૧ લું.

ગજેન્દ્રમોક્ષ. (સ્તોત્ર)

લેખક:—મંગળેશ્વર સોમનાથ ભટ્ટ.



નારાચ છંદ.

ગજેન્દ્રમોક્ષ ગાય જે પ્રીતે પ્રભાતમાં સદા.
રોગ બધાજ બધનો સુખી રહે તે સર્વદા.
ગજેન્દ્ર આત્મ આપણો ગળાયા માયા ગ્રાહથી,
ભવોદધિ વિષે, હરિ બચાવશે કૃપા કરી.

પ્રકાશક.—વૈદ્ય બુદ્ધિપ્રસાદ અંબાશંકર.

શ્રી જનાર્દન ઔષધાલય, માંડવીની પોળ.—અમદાવાદ.

સંવત ૧૯૮૫ સને ૧૯૨૯.

આવૃત્તિ ૨ જી. પ્રત ૧૦૦૦.

અમદાવાદ રોયલ પ્રી. પ્રેસમાં રાયચંદ હીરાચંદે છાપ્યું.

गजेन्द्रमोक्षमहात्म्यम् ।

श्रीशुक उवाचः—

एतन्महाराज तवेरितो मया
कृष्णानुभावो गजराजमोक्षणम् ।
स्वर्ग्यं यशस्यं कलिकल्मषापहं
दुःस्वप्ननाशं कुरुवर्य शृण्वताम् ॥१४॥

यथानुकीर्तयन्त्येतच्छ्रेयस्कामा द्विजातयः ।
शुचयः प्रातरुत्थाय दुःस्वप्नाद्युपशान्तये ॥ १६ ॥

श्री भगवानुउवाचः—

ये मां स्तुवन्त्यनेनाङ्ग प्रतिबुध्य निशात्यये ।
तेषां प्राणात्यये चाहं ददामि विमलां मतिम् ॥ २६ ॥

श्रीमद्भागवते अष्टमस्कंधे अध्यायः ४



ગજેન્દ્ર મોક્ષ મહાત્મ્ય.

શુકદેવજી કહે—

" હે પરીક્ષિત રાજા, આ ગજેન્દ્રને છોડાવવા રૂપ ભગવાનનું ચરિત્ર મેં તમને કહ્યું. તેનું જે શ્રવણ (અથવા પઠન) કરે તેને યશ તથા સ્વર્ગ મળે ને કળીયુગના દોષ ટળી જાય તથા દુઃસ્વપ્નનો નાશ થાય." ૧૪

" પોતાનું ભલું કરવાની ઇચ્છાવાળા જે દ્વિજો પ્રાતઃકાળમાં ઉઠી પવિત્રપણાથી આ ચરિત્ર ગાય તેનાં દુઃસ્વપ્ન વગેરે સંકટો નાશ પામે છે " ૧૫

શ્રી ભગવાન કહે—

" પ્રાતઃકાળે ઉઠી જે લોકો આ સ્તોત્રથી મારી સ્તુતિ કરશે તેઓને અંતકાળે હું નિર્મળ બુદ્ધિ આપીશ." ૨૫

શ્રીમદ્‌ભાગવતના અષ્ટમ સ્કંધનો અધ્યાય ૪

" ગજેન્દ્ર મોક્ષ ગાન જે પ્રીતે પ્રભાતમાં સદા.
ટળે ભ્રમાંજ બંધનો સુખી રહે તે સર્વદા;
ગજેન્દ્ર આતમ આપણો ગ્રહાયો માયા ગ્રાહથી.
ભવોદધિ વિષે, હરિ બચાવશે કૃપા કરી."

લેખક.

નિવેદન.



શ્રીમદ્ ભાગવતના કર્તા મહર્ષિ વેદવ્યાસની વાણીમાં રહેલા અમૃતના આસ્વાદનું ભાન તો આ સ્તોત્ર નજ કરાવી શકે; પણ તે અમૃતની સુગંધનો કંઇક ખ્યાલ આપશે; અને તેથી લલચાઇ ભાગ્યશાળી હરિભક્તો તે અમૃતનો સ્વાદ ચાખવા યત્ન કરશે એ શુભ આશાથી આ સ્તોત્ર હું ભક્તવૃંદ સમીપ મુકવાની ધૃષ્ટતા કરૂં છું.

કીડી પાંદડા ઉપર સમુદ્ર તરવાની હિંમત કરે તેમ હું અલ્પજ્ઞાની છતાં ભગવાન વેદવ્યાસની કલ્યાણપ્રદ વાણી ગુર્જરભાષામાં ને તેય વળી પદ્યમાં મુકવાની હિંમત કરૂં છું: તો તેમાં દોષો હોય તે સ્વાભાવિક છે. આશા છે કે ગુણગ્રાહી વાચકો તે દોષોને ક્ષમ્ય ગણશે.

અગેવ, ૧૯૮૫
અમદાવાદ, માંડવીની
પોળમાં, શેઠની પોળ

લી
સુજનસેવક
મંગળેશ્વર સોમનાથ ભટ્ટ.

ગજેન્દ્રમોક્ષ.

વસંતતિલકા.

અદ્રિ ત્રિકૂટ અતિ રમ્ય ત્રિલોક માંહી,
વાસો વસે અમર કિન્નર યક્ષ જ્યાંહીં;
શૃંગો સુવર્ણ, મણિ, તામ્ર તણાં રૂપાળાં,
ગાજી રહ્યાં ગગનમાં અતિ તેજવાળાં. ૧

ઉદ્યાન એ ગિરિ વિષે દીપતા અનેરો,
વાતો કુસુમસુરભિ લઇ વાયુ શીળો;
દ્રુમો, લતા, કુસુમને રંગ તો લચ્યાં શું !
જાણે શચિપતિનું નંદનવન બીજું. ૨

મધ્યે સરોવરને સ્ફટિકનો કિનારો,
જેના જળે કરતી ક્રીડન અપ્સરાઓ;
જાજ્વલ્યમાન જલજો જળમાં ઝુલે છે,
આમોદભોગી ભ્રમરો મધુ પી ઉડે છે. ૩

અદ્રિ–પર્વત. અમર–દેવો. શૃંગો–શિખરો. ઉદ્યાન–બાગ. સુરભિ–સુગંધ. દ્રુમો–ઝાડ. શચિપતિ–ઇંદ્ર જાજ્વલ્યમાન–શોભીતા. જલજો–કમળો આમોદભોગી–સુગંધના શોખી.

અદ્રિ પ્રદેશ મહીં જે વસતાં પશુઓ,
વ્યાઘ્રો, સિંહો, મૃગ અને યૂથ તો ગજોનાં;
આવી હમેશ જલપાન અહીં કરે છે,
ક્રીડા કરી સર વિષે શ્રમ તો હરે છે. ૪

વાસી ગિરિવન તણો ગજરાજ મોટો,
સાથે ઘણાંજ ગજ, કર્ભક, હાથણીઓ;
ભાંગી તરુવર ખુંદી વન તે વિશાળ,
જાણે જતો દળ મહીં વિજયી ભૂપાળ. ૫

દેખી છુપાય ભયથી વનનાં પશુઓ.
ચોપાસ ગુંજન કરે મદભક્ષી ભૃંગો;
થાવા પ્રશાન્ત દિનના શ્રમથી તપેલો,
આવ્યો સરોવર તટે મદમત્ત ઘેલો. ૬

અદ્રિપ્રદેશ—પર્વતનો પ્રદેશ. યૂથ—ટોળાં. સર—સરોવર. કર્ભક—હાથીનાં બચ્ચાં. દળ—લશ્કર. ભૃંગો—ભમરાઓ. મદમત્ત—ગર્વથી ઉન્મત્ત થએલો.

મીઠું સુધાસમ સુગંધિત વારિ પીતો,
ક્રીડા કરે સરમહીં થઇ સ્નેહભીનો;
છાંટે ભરી સુંઢ વિષે જળ નિજ અંગે,
ક્રીડા કરે વિવિધ હાથણીઓની સંગે. ૭

આનંદ એમ કરતો સ્વજનોની સાથે,
ભાવિથી અંધ નીરખે નહિ કંઇ માથે;
માયા મહાપ્રભુની ભાન બધું ભુલાવે,
બ્રહ્માદિ દેવ ભુલતા ગજ શા હિસાબે ? ૮

રે'તો સરોવર વિષે ઝુંડ કોઇ એક,
આવી ચઢયો ગજ તણા પગપાસ છેક;
પ્રાણી તણી પ્રકૃતિ તો કદી કેમ જાય ?
ગ્રહ્યો ગજેન્દ્રપગ જોરથી મુખમાંય. ૯

સુધાસમ—અમૃત જેવું. વારિ—પાણી. ક્રીડા—રમત. ભાવિ—ભવિષ્યમાં થવાનું તે. ઝુંડ—મગરને મળતું એક જળચર પ્રાણી. પ્રકૃતિ—સ્વભાવ.

આનંદકેફ ઉતરી સુખનિંદ ઉડી,
જ્યારે જુએ ગજપતિ નિજ સ્થિતિ ભુંડી;
ખેંચે ઘણું બળ કરી પગ પાણીમાંથી,
ઝુડ અહો મુખથકી છુટતોજ ક્યાંથી? ૧૦

માયારૂપી ઝુડમુખે જન તો ફસાય;
ઝાઝાય †જ્ઞાનબળથી નવ મુક્ત થાય;
કંપે બધાં વનપશુ ગજથી સદાએ,
તેનાથી કોણ અદકું અહીં જે બચાવે? ૧૧

કીધો પ્રયત્ન સઘળો અહીં વ્યર્થ જાતો,
ઝુડ અહો પગ જરી નવ મુક્ત થાતો;
હાથી અને ઝુડ વળી બળમાં સમાન,
ક્રોધે કરે જળ મહીં બહુ ખેંચતાણ. ૧૨

† ભક્તિ વગરના જ્ઞાનથી. અદકું–વધારે જબરૂં.

સાથી બધાં નીરખી કહે ગજેન્દ્રનું આ,
ચીસો વિના બીજું કંઇજ કરી શકે ના;
મૃત્યુપથે વિચરતા જન દુઃખી માટે,
સ્નેહીજનો રૂદન માત્ર કરી શકે છે. ૧૩

યત્નો કરે છુટી જવા ઝુડમુખમાંથી,
વૃથા જતા નવ મુકે ઝુડ આર્ત હાથી;
શૂરો બને અબળ તો પણ નિજસ્થાને,
તો ઝુડ સાથ જળમાં ગજ કેમ ફાવે ? ૧૪

વીત્યાં સહસ્ર વરસો યુદ્ધ એમ થાય,
કાળે કરી ગજતણું બળ ઓછું થાય;
સાથી બધા બળહીણા ત્યમ હાથણીઓ,
જાતે અશક્ત પછી કોણ બચાવે બળીઓ? ૧૫

મૃત્યુપથે વિચરતા–મરણ પામતા. આર્ત–દુઃખી. અબળ–બળ વગરનો. બળહીણા–બળ વગરના.

" દુઃખી સ્થિતિ માહીંજ કોણ હવે બચાવે ?
જ્યારે સગાં સ્વજન કામ ન કોઇ આવે."
વિચાર એમ કરતાં ગતજન્મપુણ્યે,
શોધ્યું ત્રિલોકપતિનું શરણું ગજેન્દ્રે. ૧૬

સુખો માહીં હરિ કદી નહિ યાદ આવે,
દુઃખી સ્થિતિ પ્રતિપળે પ્રભુ જો જપાવે;
હાથી હવે બળતણું અભિમાન છોડી,
ભાવે ભજે ભૂધરને નિજ ચિત્ત જોડી. ૧૭

ગજેન્દ્રસ્તુતિ.

" હે નાથ શોધ્યું શરણું સુખકારી તારૂં,
" આનંદ આપી સહુને, દુઃખ કાપનારૂં;
" પ્રાણી પીડીત તણી દાઝ દીલે ધરીને,
" વેગે બચાવ વિભુ તું કરુણા કરીને. ૧૮

ગતજન્મપૂણ્યે—ગયા જન્મમાં કરેલા પુણ્યથી પ્રતિપળે—દરેક પળે ભૂધર—પૃથ્વીને ધારણ કરનાર પરમેશ્વર.

" તું ભક્તવત્સલ પ્રભુ દીનદાસ હું છું,
" તું તારતો પતિત તો અતિ પાપી હું છું;
" ભકતો ઘણા સુખી કર્યા દુઃખ તેં હરીને,
" વેગે બચાવ વિભુ તું કરુણા કરીને. ૧૯

" નિર્લેપ તું અજ અને અવિનાશી તું છે,
" અજ્ઞાનરૂપી તમહારક જ્યોતિ તું છે;
" રક્ષે ત્રિલોક બધું વ્યાપી બધે રહીને,
" વેગે બચાવ વિભુ તું કરુણા કરીને. ૨૦

" જ્યારે જગે શિથિલ ધર્મ થતો જણાયે,
" દુષ્ટો દમી સુજનને મદમત્ત થાયે;
" ઉદ્ધારતો અજ છતાં જનમો ધરીને,
" વેગે બચાવ વિભુ તુ કરુણા કરીને. ૨૧

ભક્તવત્સલ–ભક્ત જેને વહાલા છે તે, પ્રભુ. પતિત–પાપી. નિર્લેપ–જેને કંઇ અસર કરી શકતું નથી તેવો. અજ–જન્મ થતો નથી તેવો. તમહારક–અંધકારનો નાશ કરનાર. જ્યોતિ–પ્રકાશ. દમી–ત્રાસ આપી.

"માયાઝુડે ભવનિધિ મહીં તો અથા જે,
"ભક્તો કૃપા તુજ થકી સઘળા છુટ્યા છે;
"તો ઝુડ પામર તણા મદને હરીને,
"વેગે બચાવ વિભુ તું કરુણા કરીને. ૨૨

"પીડા પ્રભુ નીરખીને નિજ દાસ કેરી,
"આવી હવે જગપિતા તું વિદાર વેરી;
"હું રાંકની વિનતિ નાથ ઉરે ધરીને,
"વેગે બચાવ વિભુ તું કરુણા કરીને." ૨૩

× × ×

સુણી સ્તુતિ, ગજપતિ તણી ભીડ જાણી,
વારે ચડ્યા કરી કૃપા પ્રભુ ચક્રપાણી;
સ્વારી કરી ગરૂડની દીનબંધુ જાયે,
જેનાથી દાસદુઃખ ના ઘડીએ ખમાયે. ૨૪

માયાઝુડે—માયારૂપી ઝુડે. ભવનિધિ—ભવરૂપી સાગર પામર—દુષ્ટ, તુચ્છ.મદ—અભિમાન. વિદાર—નાશ કર. વેરી—દુશ્મન. ઉરે—મનમાં. ચક્રપાણી—જેના હાથમાં ચક્ર છે તે, વિષ્ણુ ભગવાન.

સાકાર નાથ થઇને દીન ભક્ત માટે,
આવ્યા ચતુર્ભુજ પ્રભુ તહીં વારિઘાટે;
હસ્તેજ પદ્મ ધરી ચક્ર, ગદાને શંખ,
જેના સ્વરૂપથી લજાય બહુ અનંગ. ૨૫

જોતાં જડે ન ઉપનિષદ, ના પુરાણે,
વેદે નહિ. ન ખટશાસ્ત્ર, ન યોગી ધ્યાને;
તે નાથ સૂણી સ્તુતિ ભાવ થકી ભરેલી,
પ્રત્યક્ષ આવી ચડતા દીનનાજ બેલી. ૨૬

દેખી દયાળુ, નમતો ગજ દીનભાવે,
સુંઢે ગ્રહી કમળ વિઠ્ઠલને વધાવે;
જોતા ચડી સકળ દેવગણો વિમાને,
ભક્તિ. સુભાગ્ય ગજનાં બહુ તે વખાણે. ૨૭

સાકાર—આકારવાળા. વારિઘાટે—સરોવરકિનારે. પદ્મ—કમળ. અનંગ—કામદેવ. ખટશાસ્ત્ર—છ શાસ્ત્રો. બેલી—ધણી. દેવગણો—દેવો.

નાથે ગજેન્દ્ર તણું દુઃખ અસહ્ય ભાળ્યું;
ઉદ્ધારવા ગજપતિ વિભુએ વિચાર્યું;
કાઢી ગજેન્દ્ર જળથી પછી ગ્રુડ સાથે,
ચક્રેથી કાપ્યું ગ્રુડમુખ ત્રિલોકનાથે. ૨૮

છુટો થઈ ગજ પ્રભુપદમાં પડે છે,
આકાશથી કુસુમવૃષ્ટિ સુરો કરે છે;
શાપે મળ્યું ગ્રુડશરીર તજી ક્ષણે,
ગંધર્વ મૂળરૂપમાં અહીં તે થયને. ૨૯

ગાતો યશોગીત દયાળુ પ્રભુતણાં તે,
પાયે પડી વિચરતો નિજલોક માંહે;
ગંધર્વ એક હુહુ નામ તણો હતો જે,
ક્રીડા કરે સર વિષે નિજ પત્ની સાથે. ૩૦

અસહ્ય-સહન ન થઈ શકે તેવું યશોગીત-ગુણનાં ગીત.
વિચરતો-જતો.

ત્યાં સ્નાનવિધિ કરતા ઋષિ કોઈ એક,
ખેંચે હુહુ પકડી પાય જગેજ છેક;
કોપ્યા તપસ્વી અતિ, શાપ દીધો અકારો,
"થા ઝુડ તું જગ વિષે પગ ખેંચનારો." ૩૧

ગંધર્વ શાપ ઋષિનો સુણીને વિમાસે,
યાચે ક્ષમા દીન થઈ ઋષિજીની પાસે;
ઋષિ વદ્યા કરી કૃપા, "તું અહીંસા હાથી,
છોડાવશે પ્રભુ તને ઝુડદેહમાંથી." ૩૨

હાથી હતો નૃપ મહા શુભ પાંડુ દેશે,
રે'તો ગિરિ મલયમાં પ્રભુભક્ત વેષે;
ધ્યાને થયો લીન અતિ દિન એક ભૂપ,
આવી ચઢ્યા મુની અગસ્ત્યજ ત્યાંઅનુપ. ૩૩

અકારો—આકરો. વિમાસે—પસ્તાય. યાચે-માગે અનુપ-ઉપમા ન આપી શકાય તેવા મહાન.

ધ્યાનસ્થ નૃપ થકી આદર ના અપાયો,
પામ્યોજ શાપ ઋષિનો ગજયોનિ આવ્યો;
પૂર્વે કરી પ્રભુસ્તુતિજ તણા પ્રભાવે,
આ જન્મ આફત સમે પ્રભુ યાદ આવે. ૩૪

સ્પર્શેજ લોહ મણિના નક્કી હેમ થાય,
ઊગે યદિ સુરજ તો તમ તુર્ત જાય;
તો કોટી સૂર્યમણિરૂપ પ્રભુપ્રકાશે,
માયાતિમિર ટળી કેમ ન મુક્ત થાશે? ૩૫

બંધો તુટયા ભવતણા પ્રભુરૂપ થાય,
માયાથી મુક્ત થઇ તે પ્રભુ સાથ જાય;
જે સ્તોત્ર ગાય શુભ, તે સહુ દુઃખ વામે,
ને અંતકાળ મહીં નિર્મળ બુદ્ધિ પામે. ૩૬

· ધ્યાનસ્થ—ધ્યાનમાં બેઠેલો. ગજયોનિ—હાથીના અવતારમાં. લોહ—લોઢું. મણિ—સ્પર્શમણિ. હેમ સોનું તમ-અંધકાર. પ્રભુ-પ્રકાશે પ્રભુના પ્રકાશથી. માયાતિમિર—માયારૂપી અંધકાર.

પવિત્ર શુદ્ધ દેશી દવાઓ મળવાનું સ્થાન.

શ્રી જનાર્દન ઔષધાલય અમદાવાદ.

માંડવીની પોળ.

શાસ્ત્રીય પદ્ધતિથી તૈયાર કરવામાં આવેલા રસો ભસ્મો, ચૂર્ણો, અવલેહો, ક્વાથો વગેરે મળશે.

અમારી પ્રખ્યાત દવાઓ.

		રૂ. આ.
૧	સુવારોગનો ક્વાથ. ચાર મહીનો	૧—૦
૨	બાળકો માટે ખાપરીઉં. માસ ૧ ના ડબાનો	૧—૦
૩	વાત કેસરી ગોળી (સર્વ જાતના વાયુ માટે) ગોળી પચાસ	૧—૦
૪	જ્વરાંકુશ ગોળી (દરેક જાતના તાવ માટે) ગોળી સો	૦—૮
૫	સુખાંબુ (અજીર્ણ, આધાશીશી, દાઢનો દુખાવો વીંછી વગેરે દરદો માટે)	૦—૫
૬	હિંગ્વાષ્ટક ચૂર્ણ. ૧૨૫ ટીકડીના ડબાના	૦—૫
૭	દરાજનો મલમ. શીશી ૧ ના	૦—૪
૮	બાળહિત વર્ધક ગોળી (બાળાગોળી) ૧૦૦ ના	૦—૪
૯	અરૂણ નેત્રાંજન (આંખના દરદો માટે)	૦—૪
૧૦	દંત મંજન. સેમ્પલ પાકીટનો	૦—૧

વધુ માટે સુચીપત્ર મગાવો.

બહારગામ આબરૂદાર એજંટો જોઇએ છીએ.

વૈષ્ણવ ધનિકોને

વારસામાં મેળવેલું અથવા જાતે પ્રાપ્ત કરેલું ધન તમે અને તેટલી સારી રીતે ભોગવવા તેમજ તેમાં વધારો કરી તમારાં બાળકોને વારસામાં આપી જવા ઇચ્છો છો.

તો તમારા પૂર્વજોએ આપેલો રામાયણ, મહાભારત, શ્રીમદ્ ભાગવતાદિ પુરાણોનો અમૂલ્ય વારસો જેને પરધર્મી; ને પરદેશી પણ વખાણી રહ્યા છે. તે ભોગવવાની કે તમારા બાળકો તથા બાળકોને આપવાની ઇચ્છા તમને નથી થતી ?

ક્ષણિક સંપત્તિની કેફમાં તમે આ લોક અને પરલોકમાં સુખ આપનાર સંપત્તિ તરફ તમે બેદરકાર છો એમ તમને નથી લાગતું ?

જો તમને એમ લાગતું હોય તો તે ગ્રંથોની આધ્યાત્મિકતાઓ જુદા જુદા રૂપમાં સમાજ સમીપ મુકવાના કાર્યમાં અમને મદદ કરો.

અમારે અમારા ગ્રંથો વેચવા નથી. માત્ર તમારી મદદ એટલીજ કે આવા તૈયાર કરેલાં સ્તોત્ર અમે આપની સમક્ષ મૂકીએ તે તમે છપાવી સમાજમાં વિના મૂલ્યે વહેંચો. ખર્ચ નજીવો છે. પરિણામ અમૂલ્ય છે.

' લેખક. '